
# LARGEST OVARIAN TUMOUR ALONG WITH MINIMALLY INVASIVE VAGINAL SURGERY

**(Record holder in india & Asia Book of Record,2021)**





ASIA BOOK OF RECORDS

CERTIFICATE

Dr. Rahulkumar M. Padval (born on November 20, 1984) of Gujarat, India set a record for removing the heaviest ovarian tumor by vaginal surgery, along with vessel sealer. He removed a 6.5 kg tumor from a 42 year old woman by vaginal surgery without a scar on July 9, 2021 in Padwal Women's Superspeciality Hospital, as confirmed on October 9, 2021.



India Book of Records

*Extraordinary feats... Extraordinary people*

CERTIFICATE

HEAVIEST OVARIAN TUMOR REMOVED BY VAGINAL SURGERY ALONG WITH VESSEL SEALER

The record for removing the heaviest ovarian tumor by vaginal surgery, along with vessel sealer, was set by Dr. Rahulkumar M. Padval (born on November 20, 1984) of Dahod, Gujarat. He removed a 6.5 kg tumor from a 42 year old woman by vaginal surgery without a scar on July 9, 2021 in Padwal Women's Superspeciality Hospital, as confirmed on October 9, 2021.

Chief Editor
India Book of Records

## LARGEST OVARIAN TUMOUR ALONG WITH MINIMALLY INVASIVE VAGINAL SURGERY

**(Record holder in india & Asia Book of Record, 2021)**

ભાસ્કર વિશેષ | એકપણ ટાંકો લીધા વિના આવડી મોટી ગાંઠ કાઢવાની આ પ્રકારની જિલ્લામાં પ્રથમ જ સર્જરી

# દાહોદ શહેરમાં 42 વર્ષીય યુવતીના શરીરમાંથી વજાયનલ સર્જરી દ્વારા 6.5 કિગ્રાની ગાંઠ કઢાઇ



દાહોદમાં મેદસ્વી મહિલાનું નવતર પદ્ધતિથી ઓપરેશન કરી મસમોટી ગાંઠ કાઢવામાં આવી છે.

સચિન દેસાઈ | દાહોદ

દાહોદની 101 કિગ્રા વજન ધરાવતી મેદસ્વી મહિલાના અંડાશયમાં જોવાતી ગાંઠ દાહોદમાં પ્રથમ જ વખત વજાયનલ સર્જરીની પદ્ધતિ દ્વારા દૂર કરવામાં આવી છે.

દાહોદ નજીકના મધ્યપ્રદેશના સરહદી ગામની 101 કિગ્રા જેટલું વજન ધરાવતી 42 વર્ષીય મહિલાને મોટા અંડાશયમાં લગભગ 30 થી 40 સેમી. કદની ગાંઠ હોવાનું ઝાયડસ હોસ્પિટલ ખાતે કરાવેલ પરીક્ષણમાં નોંધાયું હતું. અને આ મહિલાને મેદસ્વીતાના લીધે MRI પણ શકાય ના બની ત્યારે દાહોદના પડવાલ હોસ્પિટલના તબીબ ડો. રાહુલ પડવાલે આ દર્દીને વજાયનલ સર્જરીની અઘરી ગણાતી પદ્ધતિથી સર્જરી કરીને શરીરમાંથી 6.1 લીટર પ્રવાહી અને 400 ગ્રામ જેટલું વજન ધરાવતો ઘન ભાગ મળી આશરે 6.5 કિગ્રાની ગાંઠ દૂર કરી સફળતા મેળવી હતી. આધુનિક વિડીઓ લેરીન્ગોસ્કોપ મશીનની મદદથી નળી મુકવામાં આવી હતી. ત્યારે દર્દીની બેહોશી શક્ય બનતા ઓપરેશન શક્ય બન્યું હતું. આ મહિલાના અત્યંત મેદસ્વી શરીરની સાથે સાથે તેમના ગળાનો ભાગ પણ ખુબ જ જાડો અને સાંકડો હોઈ તેમાંથી

... અનુ. પાન. નં. 3

## 35થી વધુ વયની દરેક મહિલાઓએ વિવિધ પરીક્ષણો કરાવતા રહેવું જોઈએ

“આ મહિલા દર્દી દાહોદના એક્સ-રે હાઉસ ખાતેના એમ.આર.આઈ. મશીનમાં વધુ પડતી મેદસ્વીતાના કારણે ફસાઈ જતા તેમનું પરીક્ષણ શક્ય ન બન્યું. ત્યારે આ મહિલાના યોનિમાર્ગેથી માઈક્રો નળી નાંખી તેના અંડાશયમાં રહેલી 6.5 કિગ્રા વજનની ગાંઠ દૂર કરી છે. દાહોદ શહેર અને જીલ્લામાં તો આ પ્રકારનું પ્રથમ જ ઓપરેશન છે તો મારા ધ્યાન મુજબ ગુજરાતમાં પણ એકપણ ટાંકા વિનાની આ પ્રકારની પ્રથમ જ સર્જરી છે. મારે તો એ જ કહેવું છે કે 35 વર્ષથી વધુ વય ધરાવતી પ્રત્યેક મહિલાઓએ શક્ય હોય તો દર વર્ષે અંડકોશ, ગર્ભાશય અને સ્તનના પરીક્ષણો કરાવતા રહેવું જોઈએ. તો જ શરીરમાં કોઈ તકલીફ થાય તો વેળાસર ખબર પડે!” ડો રાહુલ પડવાલ, ગાયનેક તબીબ

## LARGEST OVARIAN TUMOUR ALONG WITH MINIMALLY INVASIVE VAGINAL SURGERY
**(Record holder in india & Asia Book of Record, 2021)**

**એશિયાના ૪૮ દેશોમાં પ્રથમ તબીબ તરીકે નામના મેળવતા ડો.રાહુલ પડવાલ**

# ૧૦૧ કિલોની મહિલાના પેટમાંથી ટાંકા લીધા વિના સાડા છ કિલોની ગાંઠ કાઢી રેકોર્ડ પ્રસ્થાપિત કરતા દાહોદના ડોક્ટર

(પ્રતિનિધિ) દાહોદ,તા.૩૦

દાહોદના એક તબીબે દર્દીની અતિવિશેષ શારીરિક સ્થિતિમાં પણ સાડા છ કિલોની અંડાશયની ગાંઠ કોઇ પણ ચીરફાડ વીના વજાયનલ સર્જરીથી દૂર કરીને એશિયા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં આ ઓપરેશન દર્જ કરાવ્યું છે. દાહોદના આ તબીબી આ પ્રકારની સ્કાર વીના સર્જરી કરનારા એશિયાના ૪૮ દેશોમાં પ્રથમ તબીબી છે. દાહોદના સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. રાહુલ પડવાલે આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે જણાવ્યું કે, દાહોદ નજીકના મધ્યપ્રદેશના સરહદી ગામની ૧૦૧ કિગ્રા જેટલું વજન ધરાવતી ૪૨ વર્ષીય મહિલાને મોટા અંડાશયમાં લગભગ ૩૦ થી ૪૦ સેમી. કદની ગાંઠ હોવાનું દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે કરાવેલ પરીક્ષણમાં નોંધાયું હતું. વિશેષ વાત તો એ હતી કે આ મહિલાને મેદસ્વીતાના લીધે એમઆરઆઇ પણ શક્ય ના બન્યું. ત્યારે દાહોદના તબીબ ડો રાહુલ પડવાલે આ દર્દિને વજાયનલ સર્જરીની અઘરી ગણાતી પદ્ધતિથી સર્જરી કરીને શરીરમાંથી ૬.૧ લીટર પ્રવાહી અને ૪૦૦ ગ્રામ જેટલું વજન ધરાવતો ઘન ભાગ મળી આશરે ૬.૫ કિગ્રાની ગાંઠ દૂર કરી સફળતા મેળવી હતી. આધુનિક વિડીઓ લેરીન્ગોસ્કોપ મશીનની મદદથી વેસેલ સિલર મુકવામાં આવી હતી. ત્યારે દર્દીની બેહોશી શક્ય બનતા ઓપરેશન શક્ય બન્યું હતું. યોનિમાર્ગ દ્વારા એકપણ ટાંકા વગર 'નેચરલ ઓરીફાયસિસ' પદ્ધતિને અનુસરીને તેમાં રહેલી મસમોટી ગાંઠ સાથે ગર્ભાશયનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ પદ્ધતિમાં વેસલ સિલર સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના લીધે ટાંકા જ લેવા નથી પડતા. આ પદ્ધતિમાં ઓપરેશન બાદ દર્દીના શરીરમાં બીજા દિવસે આ સર્જરીનું કોઈ નિશાન નથી રહેતું કે દર્દિને કોઈ પ્રકારે સ્રાવ નથી આવતો. તો આ દર્દિને બીજા જ દિવસે ડીસ્ચાર્જ પણ આપી દેવાયું હતું. આ મહિલાના અત્યંત મેદસ્વી શરીરની સાથે સાથે તેમના ગળાનો ભાગ પણ ખુબ જ જાડો અને સાંકડો હોઈ તેમાંથી દર્દિને બેભાન કરવા માટેની નળી શ્વાસનળીમાં નંખાય તેવી સંભાવના જ ના હતી. ડો.પડવાલે કહ્યું કે, આ મહિલા દર્દી દાહોદના એક્સ-રે હાઉસ ખાતેના એમ.આર.આઈ. મશીનમાં વધુ પડતી મેદસ્વીતાના કારણે ફસાઈ જતા તેમનું પરીક્ષણ શક્ય ન બન્યું. ત્યારે આ મહિલાના યોનિમાર્ગેથી માઈક્રો નળી નાંખી તેના અંડાશયમાં રહેલી ૬.૫ કિગ્રા વજનની ગાંઠ દૂર કરી છે.આ બાબત અમે ઇન્ડિયા બૂક ઓફ રેકોર્ડ્ઝ અને એશિયા બૂક ઓફ રેકોર્ડ્ઝમાં દર્જ કરાવી. એ સંસ્થાઓ દ્વારા થયેલી તપાસમાં એવું ફલિત થયું કે એશિયામાં સર્વ પ્રથમ વખત સૌથી ભારે ઓવિરીયન ટ્યુમર વજાયનલ સર્જરી દ્વારા દાહોદમાં દૂર કરવામાં આવી છે અને આ વિક્રમને પ્રમાણિત કરવામાં આવ્યો છે.



**મહીલાની મેદસ્વીતાને કારણે તેની એમઆરઆઇ કરવી પણ શક્ય ના હતી**

connectgujarat.com

CONNECT GUJARAT #BeyondJustNews

Gujarat India World Sports Enterta

Home > Gujarat > Dahod doctor removes...

# Dahod doctor removes heaviest ovarian tumor from vaginal surgery and register name in record books

**42-year-old woman from Madhya Pradesh weighs 101 kg discharged the next day after undergoing difficult vaginal surgery**

By - Connect Gujarat Desk
Update: 2021-11-30 11:05 GMT



# LARGEST OVARIAN TUMOUR ALONG WITH MINIMALLY INVASIVE VAGINAL SURGERY

**(Record holder in india & Asia Book of Record, 2021)**







